અકળલીલાની લાવણી

રચનાર*

વ્યાસ. વલ્લભરામ સુરજરામ

છપાવી પ્રસીદ્ધ કરનાર

મોતીલાલ મગનલાલ



અમદાવાદ*

રાયપુર ચકલામાં વિજય વાંચ્છીત પ્રેસમાં

વ્યાસ. વલ્લભરામ સુરજરામે

છાપ્યું*

સને ૧૮૮૬ સંવત ૧૯૪૨

કીંમત ત્રણ પાઈ

સુદામાને બતાવેલી અકળ લીલા॥

એક વખત વીઠ્ઠલવર ચાલ્યા;ભાવ ભકત ઉપર લાવ્યા;
બાળ સનેહી સુદામાને, મળવા માધવજી આવ્યા. ૧
સુદામાપુરી પ્રભુ પધાર્યા, નરનારીને હેત વાધ્યુ;
પવિત્ર પત્ની સુદામાની, હરજીને આસન આપ્યુ. ૨
સુદામા કેહેછે નારીને, ચડાવ્ય ચુલે તપેલી;
રાંદ્ર ઓઢ્ઢને નવે નીદ્ર તે, આ હરીએ મને આપેલી.૩
મુષ્ટી તાંદુલ લઈ માધવે, મને ઘણો ગ્રહસ્થ કર્યો;
દળદર હતુ દાણા ન મળતા, તે દુખનો દીવસ હર્યો.૪
રામા રસોઇ કરવા બેઠી, શાક પાક સામગ્રી ઘણી;
રોટલીની શેર કણેક બાંધો, તેમાંથી અદશેર વણી. ૫
ત્યારે સુદામા કહે શામને રાંદ ભુખ્યા બેશીરહીએ;
રસોઇ તઈયાર થવાઆવી નદીએ નાહાવાને જઈએ.૬
એટલે ઉઠયા શામ સુદામા, એક એકના કર ઝાલ્યા;
સ્વચ્છ ધોએલાં વસ્ત્રજલીધા, વાતો કરતા બેઉચાલ્યા.૭
સુદામા કહે સુણો શામજી, હું બ્રાહ્મણપર હેત લાવો
લોક વાત કરેછે માટે, અકળ લીલા બતાવો. ૮
એ અકળ લીલા જોવાને, મોહન હું મરૂ મથી;
શામ કહે અકળ લીલા જોવામાં કાંઇ સાર નથી. ૯
સુદામા કહે મારે જોવી, એમ કરતાં નદીએ આવ્યા;
અકળલીલાહરજીવનજી,દેખાડવા દીલભાવ લાવ્યા.૧૦
શામ કહે સુણો સુદામા, મન તણો મમત મેલો;

આધારથી ડુબકી મારો તે, પેલે પાર કોણ જાય પેહેલો. ૧૧
એમ કહી મુમતે અડીયા, પડીયા નદીના નીરમાં;
ત્રણ લોકનો નાથ જ ત્યાંથી, જઇ ઉભો સામી તીરમાં. ૧૨
અકળ લીલા નથી ઓછી, નઉનમ નટવર નાગરમાં;
હરજીએ હડસેલો મેલ્યા, સુદામાને સાગરમાં. ૧૩
બે ઘડી કાંએ બાહાર નીકળ્યા, પસ્તાવો મનમાં કરતા;
ક્યાં ગયું ઘર ને ક્યાંછે ઘનશામ, આંખે આંસુડા ભરતા. ૧૪
ત્યારે જળ જોઇ ભટકી ઉઠયા, ભજવા માંડ્યા દીનબંધુ;
નહી મારી કયા નાગાગઇ, કયાથી આવ્યો આ સીંધુ. ૧૫
આ જળથી નાહીં જાઉં જીવતો, કહી જગદીશનું ધ્યાન ધર્યું;
દામોદરને દયા ઉપની, સાગર વચ્ચે ગામ કર્યું; ૧૬
તેમાં મલેચ્છ મનુષ્ય વાસ્યા, અવળી રીતી તે ચાલે;
બ્રાહ્મણ શુદ્ર સરવે સરખા, એકએકને કન્યા આલે. ૧૭
તેવા ગામમા ગયા સુદામા, નગર શેઠ સામા મળ્યા;
બ્રાહ્મણ તમે ભલે પધાર્યા, કહીને સાથે લેઇ વળ્યા ૧૮
વીપ્ર કહે સુદામાપુરી, કહો શેઠ કેટલે હશે;
શેઠ કહે સુદામાપુરમા, જાતાં વીશ વરસ થશે. ૧૯
વીસ દીનથી વાહાણ ગયાંછે, તે જઇને પાછાં આવશે;
પછી તમને ઘેર પોહોંચાડે, સાઠ વરશે જવું ફાવશે. ૨૦
સુણી સુદામો સંતાપ કરતા, કોને ઘેર જઇને રહીશું;
પેટ પાણી પુછવા લાગશે, ક્યાં જઇને અન્ન ખાઇશું. ૨૧
શેઠ કહે સંતાપ ન કરશો, સહુ તમારું કષ્ટ કાપું;

ખાવા પીવા ઓઢવા પેહેરવા, રેહેવાને મંદીર આપુ.૨૨
મારે પેટછે પવીત્ર પુત્રો, તે દેઉ તમને કુંન્યા;
સુદામાકહે લેઉ સુદની,થાય અતીઅધરમ અન્યા. ૨૩
ત્યારે શેઠ કહે આ ગામમા, બ્રાહ્મણ શુદ્ર સાહ સરખા;
રાખજે એહ અનમળવાનુ,ભુખે કયા માગશો વળખા.૨૪
એટલે સુદામા અકળાયા, ગામ લોક ગરદન ધાલે;
સાટે વગશે ઘેર જવાનું; અન ઉદક વણ કેમ ચાલે.૨૫
અન ખઈરુને વટલાઇશુ, પગણ્યામા ચીત્ત દિઠુ છે;
નાત રહી સુદામાપુરમા, ત્યા જાણવા કેણ બેઠુ છે. ૨૬
એવુ સાંભળી કન્યા પરણ્યા, જુદુ ઘરબાર લઇ રહ્યા;
પત્ની રાંધે પોતે જમે, ભાટો ભેગા ભ્રષ્ટ થયા. ૨૭
સુદામાએ સંસાર માંડયા, નારીને પંચ પુત્ર થયા;
પાડોશમા એકઅબળા મુઇતી,તેસારૂ સમશાનગયા.૨૮
ઘણુંક માણસ ગયુ મશાણે, મડદુ છોડીને જુએ;
જે નારી મુઇ તેનો નાથજી, આંખે આસુથીરૂએ. ૨૯
કાષ્ટજ લાવી ચીતા ખડકી, ચીત્યામા બડુ જઇપેઠો;
નારીનુ મુગનક ખોળામા, લેઇને પીઉ બળવાબેઠા. ૩૦
સુદામા જોઇ વીસ્મય પામ્યા, બળનારો મુરખજેવો;
અસ્ત્રી સાથે પુરૂષ મરે, આ અનરથ અવળો કેવો.૩૧
તે સુણીને સહુ જન બોલ્યા, સુદામા તુ છે મતાયો;
ગામ આછે નારી મુકે,સ્વામી હોયતે થાયસતીયો. ૩૨
સુદામા કહે આજ ખોટો, તેને તમે માન્યો ખરો;

કોઇ પુરૂષ બળે નહી તેને, કહો ભાઇ તમે શું કરશો.૩૩
લોક કહે ન તોટીએ ધારો, બાંધીને સાથે લઇએ;
સારી રીતે બળે નહી તો, પરાણે બાળી દઇએ. ૩૪
સુદામા કહે અરે રામજી, સરવે લુચ્ચા લોક નડશો;
મારી પત્નીનો પંડપડે,તો મારે બળવું પડશે. ૩૫
એવો એવો સંતાપ કરતા, ભજતા શ્રી અંતર જામી;
હરી આજ્ઞાથી સુદામાની, પત્ની પણ મરણ પામી.૩૬
સુદામાએ શબ દીઠુંને, પોક મેલી રડવા બેઠા;
જાણ્યું મને જોડે બાંધશે, કોઠીયો વચ્ચે જઇપેઠા. ૩૭
નગ્ર તણા ત્યા લોકો આવ્યા, મડદું ઉપાડય હાથે;
સુદામાને જોતાં કાહાડો, બળવા સારૂ લ્યો સાથે.૩૮
સાંભળીસુદામા થરથર ધ્રૂજ્યા,ખુણે રહી આપ્યા ચોળે;
લોક નાઠીઆ લેઇ લાકડીયો, કોઠો કબાળા ખોળે.૩૯
ખુણામાંથી ખોળી કાહાડયા, ખેંચીને બારણે લાવ્યા;
હાથ ઝાલી ઠુડવા નાહીશ્રા,તેડીને મશાણ આવ્યા.૪૦
ચીતાખડકી સહુલોક બોલ્યા, બાકી નહીરહે વાત્યામાં;
પેહેલેથી સુદામા રામજી, બીરાજો આ ચીતામા. ૪૧
સુણી સુદામા કરે શોશના, અગનીના ભડકા થાશે;
ફોલ્લા ઉઠશે પાણી ઝુરશે, દુખ પામીને જીવ જાશે.૪૨
અગનીના બમાયને જીવજાય,બળ્યું બળવું નારી સંગે;
તે કરતાં પડું દરીયામાં, વેદના વ્યાપે નહી અંગે.૪૩
એવું મન વિચારી બોલ્યા, બળવાને તૈયાર થાઉં;

ઉભારહો ભાઇ મેલોમને, એકવાર નાહાવા જાઉછુ.૪૪
એમ કહીને છેતરી ચાલ્યા, જળમાં જ પાપાત કીધો.
સ્નેહી સુદામાને સાંમળીએ, નદીમાં ખેંચી લીધો.૪૫
સુદામાએ ડોકુ કાહાડયુ, એટલે હસ્યા વનમાળી;
પ્રભુકહે તમેછો પાછળ, હું આગળછુ દયો તાળી.૪૬
સુદામા કહે શેની તાળી, ઘણાંક વરસ વહી ગયાં;
સાચુ કહેજો સમછે મારા, કયારનાએહી ઉભા રહ્યા.૪૭
કૃષ્ણ કહેકે હમણાં આવ્યા, નારી રાંધી રહી હશે;
વીઠુલ કહે વસ્ત્રજ પેહેરો, રસોઇ ઠંડી થઇ જશે.૪૮
સુદામા કહે શુ બોલોછો, રસોઇ શેની ઠંડી થઇ;
પ્રભુ મસ્કરી કરવાની, ટેવ તમારી ગઇ નહી. ૪૯
તે કરતાં તમારૂ બોલ્યુ, સત્ય હોયતો વાત કહું;
એ વારતા કોને નવ કેહેશો,કહોતો હાંશી કરે સાડ઼.૫૦
આહારાજા તમ સાથે સરત, કરો પાણીમાં પળીબા;
કોનારો કેમ આવ્યો નહી,સાગરજળમાં નીકળીયો.૫૧
ત્યાં સોહામણું નગ્ર નીરખ્યું, ભ્રષ્ટા ભ્રષ્ટી સોપાણી;
ઉંચ નીચને એક્ભોજન, અનીતો દુઃખની ખાણી.૫૨
ત્યાં હું બગો વીવા થયો, સહુદના ઘરમાં પેઠો;
ખાન પાન સસરે પુર્યું; તેની પુત્રી પરણી બેઠો. ૫૩
ચોખા રેહેવા મન ધાર્યું પણ, અન ઉદકવણ ટટળાયો;
જેનીચ જાતી પરણ્યો તેનુ, રાંધ્યુ જમી વટલાયો.૫૪
વટલીને ઘર સંસાર માંડયો, પાંચ પુત્ર તેનેજ થયા;

તે વાતને બહુ દીવસ વીત્યા, તેવારના શુ [illegible].૫૫
સુણીને સાંમળીયે બોલ્યા, બાહ્મણ તમારૂ આવ્યું
શોશીધુ શાંસુંકરો છો આં, શું તમને સ્વપનું આવ્યું ૫૬
જાગ્યતછો ને લવરી માંટી, ન બોલસો દખશે દાધું;
સુદામા કહે સોગન તમારા. નાહી સપનું એ છે સાચું; ૫૭
શામ કહે સાચુ હોયેતો, સંગતમા રો પર હરીયે;
બ્રાહ્મણ જાતીભ્રષ્ટ થયા તે, નીચની સોબત કેમ કરીયે; ૫૮
વિઠ્ઠલ વદે કહુ વિશ્વમાં, ચાડી કરવા ચોરે ચડુ;
સુદામા કહે વાત ન કરશો, પ્રભુ તમને પાય પડુ.૫૯
તવ સાંમળીયો કહે સંચરીયે, તમારી નારી પાસે;
મારૂ કે તમારૂ સાચ્ચુ, સઘળુ તે ત્યાં જણાશે. ૬૦
લવરી માંટી ભાગ પીધેલી, કહીને કૃષ્ણ કર ઝાલ્યા;
ગાંડામાં ગણી કાહાડીને, સાથે લઇ મેહેલે ચાલ્યા.૬૧
ઘરમાં સ્નેહી સાથે પેઠા, અકળ લીલા બહુ પાકી;
રામાની રસોઇ જોઇતા, નવટાંકની રોટલી ખાકી.૬૨
તેવું જોઇને ઝાંખા થયા સુદામા પડીયા વીલા;
શામ કહે તમે સંસાર માંડ્યો, તેરાવળી મારી લીલા.૬૩
સુદામા કહે અકળ લીલા, શું વિખાણું મુખ કથી;
શ્રીકમજી તમારી લીલા, સપને પણ જોવીનથી. ૬૪
સુદામાજી બન્યા બાવરા ભક્ત જનને મન ભાવે;
વ્યાસ વલ્લભ વાણીછે વદ કૃષ્ણ કળ્યા માં કેમ આવે.૬૫

સમાપ્ત